

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*બહાદુર નેતાશ્રી વિદેશથી લાકડી મારે છે!*
*ને શાંત વિદ્યાર્થીને હાથે સોટી - આંકડી મારે છે!*
*છે ઘમસાણ ઘરમાં, રાંકડી નેતાગીરી સામે -*
*ને અહીં તો 'જાદુઈ જપ્પી' લઈ આંખડી મારે છે!*

### હાઈકુ

*ઘરમાં પણ -*
*અપવાસ કરો તો -*
*પકડી જશે!*
*(જાગૃત પોલીસ...)*

*મળે ન મળે*
*મોંઘવારીમાં ખાવા -*
*તો 'ગમ' ખાવ!!*
*(પણ અપવાસ નહીં)*

### ચિંતન

**દુ:ખં સત્યં સુખં મિથ્યા દુ:ખં જંતો: પરં ધનમ્ ।**

ઉપરોક્ત શ્લોક અધ્યાત્મરહસ્યમાંથી લેવામાં આવેલ છે.

દુ:ખ સત્ય છે, સુખ મિથ્યા છે, દુ:ખ જ પ્રાણીનું પરમ ધન છે.

'સુખ' કોને કહેવાય એની આપણને સાચી સમજ નથી. ભૌતિક સુખો, આનંદ પ્રમોદ, ઊંઘ-પથારી-ખાવું-પીવું એ સુખ નથી. સદાચારણ - તપ - સાધના માટે આવી થોડી સવલત મળી રહે એટલું જ જરૂરી.

બાકી જ્ઞાન - સત્યની ઉપાસના સરળતાથી વિના વિઘ્ને થઈ શકે એ જ સાચું સુખ છે. એ બધામાં સહાયરૂપ થાય એવી પત્ની અને પરિજનો મળી રહે તે સુખ...

### સુવિચાર

- અભિમાની માણસને કદી સાચા મિત્રો હોતા નથી - **ફુલછાબ**
- કોઈની ટીકા કરીએ ત્યારે આપણી ઓછી અક્કલ કે અજ્ઞાનતાનું માપ ન નીકળી આવે તેની ખાસ તકેદારી રાખવી જોઈએ - **મોરારજી દેસાઈ**
- શાંતિ અને સંતોષ એ બંને પૂર્વવિરામ છે, એ સિવાયના બધા સુખ અલ્પવિરામ છે - **હરિનાયક**
- મારગમાં તમને જે તોફાનોનો મુકાબલો કર્યો તેમાં જગતને રસ નથી, તમે નૌકા પાર ઉતારી કે નહિ તે જ દુનિયા જોઈ રહી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હિમ્મત એનું નામ કે માણસ ઊભો થઈને પોતાની વાત સંભળાવી દે, હિમ્મત એનું પણ નામ કે માણસ બેસીને બીજાની વાત સાંભળે - **સ્નેહા પટેલ**
- રાસ્તે મંઝિલોં સે મિલેં યે જરૂરી નહીં, હર સફર મેં મજા લીજીયે - **આફતાબ વોરા**
- આજનું ઔષધ : સનેપાતમાં તાવ ચડીને શરીર ઠંડુ પડી જાય ત્યારે ગરમી લાવવા રાઈના તેલની માલિશ કરવાથી આરામ થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

લાઓત્સેને મળવા એક વેપારી આવ્યો. તેણએ લાઓત્સેને પૂછ્યું, 'તમારો શિષ્ય યેન કેવો માણસ છે? લાઓત્સે એ કહ્યું, 'યેન ઉદારતામાં મારા કરતા શ્રેષ્ઠ છે.' વેપારીનો બીજો સવાલ 'તમારો શિષ્ય યાંગ કેવો માણસ છે?' લાઓત્સેએ કહ્યું, 'તેના શબ્દોમાં જેટલું સૌંદર્ય છે એટલું સૌંદર્ય મારા શબ્દોમાં પણ નથી.' વેપારીએ ત્રીજો સવાલ કર્યો, 'તમારો શિષ્ય તોસિંગ કેવો માણસ છે?' લાઓત્સેએ કહ્યું, 'એ ખૂબ સાહસિક શિષ્ય છે. એટલું સાહસ મારામાં નથી.' પેલો વેપારી લાઓત્સેના આવા જવાવો સાંભળી આશ્ચર્યમાં પડી ગયો. તેણે લાઓત્સેને કહ્યું, 'આ ત્રણે શિષ્યોમાં તમારા કરતા કંઈક ને કંઈક શ્રેષ્ઠ છે તો પછી તે ત્રણ તમારા શિષ્ય કેવી રીતે હોઈ શકે ?' આવું કહી વેપારીએ લાઓત્સેને નીચા ઠેરવવાની કોશિશ કરી. લાઓત્સેએ હસતાં હસતાં કહ્યું, 'આ ત્રણે મારા શિષ્ય છે એનું કારણ એ છે કે તેમણે મને ગુરુના સ્વરુપમાં સ્વીકારેલો છે અને તેમણે એવું એટલા માટે કર્યું છે કે તેઓ જાણે છે કે કોઈ એક બાબતમાં શ્રેષ્ઠ હોવાનો અર્થ જ્ઞાની હોવું એવો નથી થતો.' ત્યારે વેપારીએ કહ્યું, તો સાચું જ્ઞાન કોને કહેવાય ?' લાઓત્સેએ કહ્યું, 'એ વ્યક્તિ જ્ઞાની કહેવાય જેણે સદ્‌ગુણમાં સંતુલન મેળવી લીધું હોય. સુખ-દુ:ખમાં સમ્યક્ ભાવમાં જીવવા શીખી લીધું હોય.' વેપારીએ લાઓત્સેને વંદન કરી ચાલતી પકડી.

# બોલીવૂડ માટે આઘાતજનક ખબર

**તંત્રીસ્થાનેથી...**

આ જગતને નાશવંત કહેનારા એ પ્રથમ ફિલસૂફનું નામ તો આપણે જાણના નથી, પણ એ જરૂર આપણા ઋગ્વેદનો કોઈ ઋષિ જ હશે. એણે જગતમાં નામ એટલાનો નાશ એવી થિયરી રજૂ કરી હશે એ પહેલાં પણ માણસ જાણતો તો હશે જ કે કશું કાયમી નથી. રાજકપૂર અને એમના પ્રતાપી પિતા પૃથ્વીરાજકપૂર પણ જાણતા હશે કે કચકડાની દુનિયાના બેતાજ બાદશાહ તરીકેનું આપણી પારિવારિક સ્થાન પણ કાળાન્તરે કોઈ અજાણ્યો હીરો આવીને ખૂંચવી લેશે. એવું થયું પણ ખરું. જેવું એ મનોરંજનની દુનિયામાં થયું એવું જ ઉદ્યોગ અને રાજકારણ જેવાં ક્ષેત્રોમાં પણ થયું. રાજકપૂરને તો દિલીપકુમાર, દેવાનંદ કે રાજેન્દ્રકુમાર જેવા હરીફો પણ હતા. અમિતાભ બચ્ચનની સામે કોઈ સ્પર્ધક જ ન રહ્યો. પરંતુ પછી શાહરૂખ ખાન, આમિરખાન અને સલમાન ખાનનો જમાનો આવ્યો. બચ્ચન જેવા બચ્ચનને લોકનજરમાં - લાઈમ લાઈટમાં રહેવા માટે વાળંદની ભૂમિકાવાળી જાહેરખબરો સ્વીકારવી પડી. સમય બડા બલવાન, બીજું શું ? સિત્તેર વર્ષ જૂનો આર કે સ્ટુડિયો વેચાણ માટે મુકાતાં વીતેલા જમાનાના એ મહારથીઓ સ્વાભાવિક રીતે જ યાદ આવી જાય. 'આર.કે' ના બેનર હેઠળ કેટકેટલી ઉત્તમ ફિલ્મો મળી છે ! સિનેજગતનો એ સાચા અર્થમાં સુવર્ણયુગ હતો. રાજકપૂરની અનેક યાદગાર ફિલ્મોનું ફિલ્માંકન મુંબઈના ચેમ્બુર ખાતે આવેલ આ સ્ટુડિયોમાં થયું હતું. એ પૈકીની મોટા ભાગની ફિલ્મો હિટ થઈ હતી. ત્રણ ત્રણ પેઢીઓથી ફિલ્મજગત પર રાજ કરનાર આ પરિવારમાંથી આપણને સિનેજગતના યાદગાર અભિનેતાઓ ઉપરાંત કરીના અને કરિશ્મા જેવી શ્રેષ્ઠ અભિનેત્રીઓ મળી છે. પરિવારના સન્માન અને સ્વાભિમાન ઉપરાંત સર્વોત્તમ સર્જકતાના પ્રતીક સમો આર કે સ્ટુડિયો હવે ભૂતકાળ બની જશે. રાજકપૂરના પુત્ર ઋષિકપૂરે પરિવાર વતીથી અધિકૃત જાહેરાત કરી છે કે સ્ટુડિયો વેચવા કાઢવો પડ્યો છે. કારણ કે પરિવાર માટે એ 'ધોળો હાથી' બની ગયો હતો. આગમાં ઘણી યાદગાર ચીજવસ્તુઓ અને એ અદ્‌ભૂત ફિલ્મોના કોસ્ચ્યુમ બળીને ખાખ થઈ ગયા પછી એનો પરિવાર માટે વિશેષ મહિમા પણ ન જ રહ્યો હોય. જગ્યાની કિંમત મેળવી લઈ વિસ્તરતા કપૂર પરિવારને વહેંચી દેવાના શાણપણ સાથે આ નિર્ણય લેવાયો છે ત્યારે આપણો સીધો કે આડકતરો કોઈ જ અધિકાર નહીં હોવા છતાં હૈયે એક ટીસ એક હૂક કે કસક કેમ ઊઠે છે ? કારણ કે આપણે એની સાથે સાંસ્કૃતિક અનુબંધ રહ્યો છે. પ્રશ્ન એ થાય કે વિદેશમાં ફ્રાંસ, ઈંગ્લેન્ડ, સ્વિત્ઝર્લેન્ડ, જર્મની કે અમેરિકામાં કપૂર ફેમિલીનો આવો જ સ્ટુડિયો હોત અને કુટુંબી વારસદારો એને વેચવા કાઢ્યો હોત તો ત્યાંની સરકારે અને પ્રજાએ કેવો અભિગમ અપનાવ્યો હોત ? શું એ સ્ટુડિયો બિલ્ડરોના હવાલે થઈ શક્યો હોત ? શેક્સપિયર નાટક મંડળી જ ચલાવતો હતો. એના મૃત્યુના ૪૦૦ વર્ષો પછી પણ એના જન્મસ્થાને બધી જ સ્મૃતિઓ અકબંધ સચવાયેલી છે. અલબત્ત,આપણે અંગ્રેજ પ્રજા નથી - એ યાદ રાખવું જ રહ્યું !

# માનવધર્મના દીવડા હજુ પ્રજળે છે



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'તમે કોણ છો ઈ ખબર નથી, પણ તમે અમારા ખેતરમાં આવ્યા, અહીં આરામ કર્યો, તમારું સાથે લાવેલું ભોજન જમ્યા, વાડીના ફળ ચાખ્યા એનો બહું આનંદ છે...' સાવ ચાચ્ચું કહું તો મજા આવી...' ગામડા ગામના એક ભોળા ખેડૂતે જાણીતા કથાકાર પૂજ્ય ભાઈ રમેશભાઈ ઓઝાને કહ્યું.

તાજેતરમાં લંડનમાં વજુભાઈ પાણખાણીયા પરિવાર દ્વારા વેમ્બલી અરેનામાં આયોજિત ભાગવત કથામાં કથા પ્રવાહ દરમિયાન ભાઈએ આ પ્રસંગ કહ્યો હતો.

બ્રિટનમાં વસતા ગુજરાતીઓના મૂળ મોટા ભાગે આફ્રિકા અને ભારત છે. અહીં ગુજરાતી પ્રજાએ પોતાની કોઠાસૂઝ - પુરુષાર્થ - દીર્ઘદૃષ્ટિ - સંબંધોને સૌંદર્યપૂર્ણ રીતે વિકસાવવાનો સ્વભાવ, ધર્મ-કર્મના, અધ્યાત્મના સિદ્ધાંતોની જાળવણી અને નિયમોના પાલન દ્વારા ખૂબ પ્રગતિ કરી છે. આર્થિક - સામાજિક - રાજકીય ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ સ્થાનો હાંસલ કર્યા છે અને ગુજરાતી સમાજે બ્રિટનના સામાજિક - આર્થિક વિકાસમાં બહુ મૂલ્ય પ્રદાન કર્યું છે. સાથે સાથે જ બ્રિટનમાં રહીને પણ અહીંના ગુજરાતીઓ કયારેય પોતાના મૂળ વતનને ભૂલ્યા નથી. ગુજરાતના ગામડા હોય કે આફ્રિકાના જરૂરિયાતમંદ વિસ્તારો, એમણે અપરંપાર આર્થિક અનુદાનોની સરવાણી વહાવી છે અને સખાવતી કાર્યોમાં - ધર્મકાર્યોમાં હંમેશા આગળ રહ્યા છે.

સામાન્ય રીતે અહીંના ઉનાળાના સમયમાં એટલે કે જુલાઈ - ઓગસ્ટ મહિનામાં બ્રિટનના વિવિધ શહેરોમાં ધાર્મિક - સાંસ્કૃતિક સામાજિક કાર્યક્રમો અને મેળાવડાઓ યોજાતા રહે છે. ભારતથી કથાકારો - પ્રવચનકારો અને કલાકારો આવતા રહે છે અને સ્થાનિક લોકોમાં ગુજરાતી ભાષા - સાહિત્ય - કથા પરંપરા - કવિતા - ગીતો વગેરેનું સંવર્ધન કરતા રહે છે.

આવી જ પરંપરામાં યોજાયેલી ભાગવત કથામાં ભાઈએ કહેલા પ્રસંગમાં વાત કાંઈક આવી હતી.

પૂજ્ય ભાઈ ભારતમાં અને વિદેશોમાં ભારતીય સભ્યતા - સંસ્કૃતિ, ધર્મ અને અધ્યાત્મ પ્રસાર અંગે સતત વિચરણ કરતા રહેતા હોય... આવા જ એક વિચરણ દરમિયાન ગુજરાતના કોઈ ગ્રામ્ય વિસ્તારમાંથી તેઓ પસાર થઈ રહ્યા હતા. બપોરનો સમય થયો હતો. એક બે - ગાડીઓમાં અન્ય સાથીઓ પણ હતા. જયાંથી નીકળ્યા હતા ત્યાંથી ઘરનું બનાવેલું ભોજન તથા પાણી અને અન્ય વ્યવસ્થાઓ સાથે હતી જ, એમને થયું કે રસ્તામાં કયાંક વૃક્ષોના છાંયડાવાળી જગ્યા આવે તો ત્યાં પાથરણાં પાથરીને નિરાંતે ભોજન લઈએ... થોડીવારમાં આવી જગ્યા દેસાઈ... ગાડીઓ સાઈડમાં લીધી.... ખેતરના શેઢા પાસે વૃક્ષો હતા, કૂવો હતો, ખેતરમા પાણી વહેતું હતું.. પાથરણાં પાથર્યા, ને બેસવાની તૈયારી કરતા હતા ત્યાં ખેતરના માલિક આવ્યો.... એણે જોયું કે અતિથિ છે અને ભોજન માટે અહીં બેસવાની તૈયારી કરે છે... બાઈક મૂક્યું એક બાજુ અને આવીને કહે... 'અરે અરે.. અહીં નહિ, ખેતરમાં અંદર ઝૂંપડીએ આવો... ત્યાં ભોજન જમો...'

ભાઈએ કહ્યું કે, 'આ સરસ જગ્યા છે ભાઈ, અહીં બધું બરાબર છે.' પણ પેલા ના માન્યો... પરાણે બધું લેવડાવીને વાડીમાં અંદર લઈ ગયો. ત્યાં પાથરણાં પાથર્યા, ખાટલા ઢાળ્યા... પાણીનો ઘડો લઈ આવ્યો.... હાથ-પગ ધોવાની વ્યવસ્થા કરી, ને પછી કહે 'હવે નિરાંતે જમો... આરામ કરો...' વાડીમાંથી તાજા ફળો પણ લઈ આવ્યો ખરો. પ્રેમથી પીરસ્યા અને આગ્રહ કર્યો તો થોડું સાથે જમ્યા પણ ખરા... ભોજન પૂરું થયું... ધીમે ધીમે બધું આટોપાયું... થોડીવાર સહુએ આરામ કર્યો, એની સાથે વાતો કરી... આખરે ફરી કયારેક નીકળીશું તો આવશું કહી નીકળતા હતા ત્યારે એ ખેડૂતે ભાઈને લેખના આરંભે લખેલા શબ્દો કહ્યા હતા.... કથાજગત સાથે એનો કોઈ પરિચય ના હોય, અખબારો બહુ વાંચતો ના હોય ને ધાર્મિક ચેનલો જોતો નહિ હોય... એટલે એ ના ઓળખે એ સાહજિક હતું... પણ એણે જે સરળતાથી કોઈ ઓળખાણ નહિ, વ્યક્તિનો પ્રભાવ નહિ અને છતાં આંગણે આવેલા અતિથિને જે ભાવથી, પ્રેમપૂર્વક જમાડ્યા એ ભાવને ભાઈએ કહ્યું, અમે વંદન કર્યા ને ત્યાંથી આગળ જવા રવાના થયા. એક ગ્રામ્ય ખેડૂતના હૃદયનો અતિથિ પ્રેમ સહુના માટે સ્મરણીય બની રહ્યો.

સાવ ગામડામાં વસતા માણસોના હૈયે વસેલું આતિથ્ય જયારે માણવા મળે, એમાંયે એ સામેની વ્યક્તિને ઓળખતો જ નથી, પરંતુ આંગણે આવેલ અતિથિને મીઠો આવકારો આપવા અડધો અડધો થઈ જાય ત્યારે એના હૃદયમાં રહેલી આતિથ્યની ભાવનાને વંદન થઈ જાય છે.

મહત્ત્વની વાત, અતિથિ કોમ છે તે ન જાણીને પણ શ્રેષ્ઠ પરોણાગત કરવી, એ છે અને જયારે જયારે સમાજજીવનમાં, ગણતરીપૂર્વકના સંબંધોના વાતાવરણમાં આવી ઘટનાઓ જોવા મળે છે ત્યારે માનવ ધર્મના દીવડા પ્રગટે છે અને એના અજવાળા ચારેબાજુ રેલાય છે.

# મૈં અપને આપકી ફેવરીટ હૂં...



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

**મુશ્કિલ મેં હે કોન કિસીકા**
**સમજો ઈસ બાત કો**
**લેકર અપના નામ કભી**
**તુમ ખુધ કો આવાઝ દો**
**મુશ્કિલ મેં હૈ કૌન કિસી કા**
**જીને કા ના શૌખ રહે તો**
**કયા રખ્ખા હૈ જીને મેં**
**ઈક કૈદી કી તરહ પડા હૈ**
**કબ સે યે દિલ સીને મેં**
**પીંજરે કા દરવાજા તોડ**
**પંછી કો આવાઝ દો**
**દોસ્તો યે ઝિંદગી ઈમ્તિહાન હૈ,**
**ઓ જીનેવાલો ઝિંદગી કો ઈક અંદાજ દો.**
**જીના તો મુશ્કિલ હૈ, મરના આસાન હૈ**
**લેકર અપના નામ કભી તુમ ખુદ કો આવાઝ દો...**
**ઔરન હીં તો કમ કે કમ ઈતની તો તારીફ કરો**
**લોગો કી તારીફોં મેં કભી અપની ભી તારીફ કરો...**
**સબસે તો તુમ ખુશ હો, અપને આપ સે ક્યૂં નારાઝ હો,**
**લેકર અપના નામ કભી તુમ ખુદ કો આવાઝ દો...**
**- આનંદ બક્ષી**

૧૯૯૧માં આવેલ 'અંગાર' ફિલ્મનું આ ગીત એસ.પી. બાલાસુબ્રહ્મણ્યમે ગાયું છે.

જેકી શ્રોફ, ડિમ્પલ કાપડીયા અને નાના પાટેકર અભિનિત આ ફિલ્મનું ઉપરોક્ત ગીત નવચેનતાનું રાષ્ટ્રગાન સમાન છે.

માણસ વિચારશીલ પ્રાણી ભલે હોય પણ એટલી હદે વિચારો આપણને ખાઈ જાય તે અચરજ પમાડતી વાત છે. મોટે ભાગે તો માણસ એકના એક વિચાર કરે છે. કેટલાક વિચારો યાંત્રિક હોય છે. આ વિચારો ઘડિયાળના કાંટે ચાલે છે. આપણે આનંદમાં હોઈએ ત્યારે વિચારો ઘાણીના બળદની જેમ ગોળ ગોળ ફરતા હોય છે, અને એકનો એક કોળિયો વાગોળતા હોય છે.

અને પછી વિચારવાયુનો એવો આફરો ચડે છે કે, ન પૂછો વાત.

રઘવાયા થઈને કુદરતને, જિંદગીને આપણી પરિસ્થિતિના દોષિત માનીને ગાળો ભાંડીએ છીએ. દોષારોપણ કરીએ છીએ.

સાવ નાનું સરખું દુ:ખ આવી પડે તો નાસીપાસ થઈ જઈને ન કરવાનું કરી બેસીએ છીએ. દિપીકા પાદુકોણે નર્વસ બ્રેકડાઉનનો શિકાર બની જાય અને પછી તેમાંથી બહાર આવીને ડિપ્રેશનનો શિકાર થયેલા બીજા અભાગિયાઓને પણ આ મહારોગમાંથી નિવારવા માટે એક પહેલ ચાલુ કરી છે.

હજી અમુક વર્ષો પહેલાં સુધી તો આવા શબ્દો 'નર્વસ બ્રેકડાઉન' 'ડિપ્રેશન' આપણા શબ્દકોશમાં ન હતા. પરંતુ જયારથી આપણે આપણા મૂળરૂપી નૈતિક મૂલ્યોરૂપી વિચારવૈભવ આપણા ધાર્મિક ગ્રંથો રૂપી હકારાત્મક વિચારોના પાવરહાઉસ સમા ગીતા, રામાયણ, મહાભારત જેવા ગ્રંથોને માત્ર ધર્મ પૂરતા મર્યાદિત કરી દીધા, ત્યારથી મુશ્કેલીઓ શરુ થઈ છે.

આપણે ત્યાં રામ જેવા રામે ૧૪-૧૪ વર્ષ સુધી વનવાસ ભોગવવો પડે છે, અને કૃષ્ણે કાળ કોટડીમાં જન્મ લેવો પડે છે. જીવનને સમગ્રતાથી લેવાનું છે. વાતે વાતે ઓછું આવી જાય અને નર્મદા કેનાલનો રસ્તો પકડી લેવો ઉચિત તો નથી જ ને !

અને ખરું જોઈએ તો હતાશા આવવાનું મુખ્ય કારણ આપણી અપેક્ષાઓ હોય છે, બીજા પ્રત્યેની આપણી પારાવાર અપેક્ષાઓ આપણને ત્યારે પીડે છે, જયારે તે પૂરી થતી નથી.

મુશ્કેલ સમય જેવો આપણા જીવનરૂપી પ્રાંગણમાં પગ મૂકે તે ભેગા સ્નેહી-સ્વજનો (કહેવાતા) બારી-બારણામાંથી બહાર ભાગી જાય છે.

જીવનમાં પોતાની ઉપર ભરોસો રાખીને આગળ વધવું જ તેમાં શાણપણ છે. મનથી મજબૂત બાનીનો ગમે તે પરિસ્થિતિ આવે તેને સ્વીકારવી અનો તેનો અનુરુપ બાનીનો ચાલવું.

સમસ્યાઓ તો આવશે જ, અને આવવી જ જોઈએ, જો સમસ્યા નહીં આવે તો આપણું ઘડતર ઉપરવાળાએ દુ:ખનાં ગાણાં ગાવા નથી મોકલ્યા, નાની-નાની ક્ષણોને અવસર બનાવીને મજા કરવા મોકલ્યા છે. જીવન જટિલ કે કઠિન છે જ નહીં! આપણે જ તેને ગૂંચવણભર્યું બનાવી દીધું છે.

વજુ કોટકનું વિધાન છે 'જીવડા આવડે તો એક કલા છે અને જીવતા ન આવડે તો બલા છે.'

ભૂતકાળમાં રિહર્સલ કરવા ન જોઈએ. વર્તમાનને બગડતાં અટકાવીએ. આપણને અનુભવ થવો જોઈએ કે ભલે આપણે અજોડ વ્યક્તિ નથી પણ વિશિષ્ટ તો છીએ જ. મજા લૂંટવાની નથી, માણવાની છે.

સંજોગો વિકટ છે, મુશ્કેલીઓ છે. સારું, કંઈ વાંધો નહીં, મુશ્કેલીમાં માણસે તૂટવું ન જોઈએ, ટકવું જોઈએ. ડૂબતા હોઈએ તો હાથ-પગ હલાવવા પડે, મોઢું નહીં. પરિસ્થિતિમાંથી ઊગરવું હોય તો સૌ પ્રથમ એ પરિસ્થિતિને સ્વીકારી લેવી જોઈએ.

હતાશામાં પોતાની જાતને ધીક્કારતા થઈ જવાથી, કયારેક ન સંધાય એવી તિરાડ માંહ્યલામાં પડી જાય છે. થોડો પોતાની જાતને પણ પ્રેમ કરવો જરૂરી છે. ઈશ્વરે આપણને કેવું સરસ જીવન આપ્યું છે ! કુદરતી સૌંદર્ય આ જગમાં ઠાંસોઠાંસ ભર્યું છે. પક્ષીઓના ટહુકાઓ સાંભળો, લીલોતરીને આંખમાં ભરી લેવાનો પ્રયત્ન કરો. શાંત ચિત્તે બગીચાની લોન પર બેસીને સ્વયં સાથે સંવાદ કરીશું તો બધા વિવાદ શાંત થઈ જશે...

આપણે આપણાં પોતાનો ફેવરિટ થવાનું શીખવાનું છે. પોતાની નજરમાં ઉઠીએ, જગતમાં તો આપોઆપ ઊંચા આવી જઈશું. 'જબ વી મેટ' માં કરિના કપૂર કહે છે ને ! તેમ 'મૈં અપને આપકી ફોવરિટ હૂં.'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# 'રોકેટ મેન' ઈલોન મસ્કના રૂપમાં દુનિયાની નવી ઉમ્મીદ



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

ઈલોન મસ્ક. એક એવું નામ છે કે, જેણે પોતાની આગવી શૈલીથી બિઝનેસ વર્લ્ડને ૩૬૦ ડીગ્રીએ બદલી નાખીને નવી દિશા આપી. સ્કવાયર મેગેઝીને મસ્કને ૨૧મી સદીના વિશ્વના ટોપ મોસ્ટ ૭૫ પ્રભાવશાળી લોકોમાં સ્થાન આપ્યું છે. પ્રતિષ્ઠિત ફોર્ચ્યુન મેગેઝીને પણ ઈલોન મસ્કને વર્ષ ૨૦૧૩માં 'બિઝનેસ પર્સન ઓફ ધ ઈયર'નો એવોર્ડ આપી નવાજ્યા હતા. આ વ્યક્તિમાં એવું તો શું છે કે, છેલ્લ એક દશકમાં જ વિશ્વભરના ઉદ્યોગપતિઓ અને વ્યાપાર સાહસિકો માટે એ આઈકોનિક ઈમેજ બની ગયો. દુનિયા બદલી નાખવાની વાત તો દરેક કરતા હોય પણ બહુ ઓછા લોકો ખરેખર દુનિયા બદલી શકતા હોય છે. ઈલોન એ પૈકીનો જણ છે. ભીડથી અલગ વિચારવાની મસ્કની શક્તિ કાબિલે તારીફ છે. જ્યારે ઠીકઠાક સફળ વ્યક્તિ સપ્તાહના ૩૮થી ૪૦ કલાક કામ કરી પોતાને સફળ સમજતા હોય છે ત્યારે મસ્ક જેવા વ્યક્તિ સપ્તાહના ૮૦ થી ૧૦૦ કલાક કામ કરીને જેટ સ્પીડે આગળ વધતા હોય છે.

દુનિયાનો સનાતન નિયમ છે કે, નિષ્ફળતાના ખોળામાં જ સફળતાનું બાળક ઉછરતું હોય છે. જીવનમાં જે હાર્યો નથી એને અસલી જીતનો સ્વાદ જ ખબર નથી. પછડાટ વગર આગળ વધવાની વાતમાં કોઈ દમ હોતો નથી. ટીકા અને નકારાત્મક અભિપ્રાયોથી ઘણા લોકો નાસીપાસ થઈ જતા હોય છે. ટીકાઓના કારણે હતાશ થઈ પોતાના લક્ષ્યથી ભટકી જનારાઓની દુનિયામાં કમી નથી. મસ્કે એકવાર તેના સાથીઓને કહ્યું હતું કે, ટીકાઓ અને નકારાત્મક અભિપ્રાયોને સોનાની જેમ સમજવાની વૃત્તિ કેળવો. અંતિમ લક્ષ્ય સુધી પહોંચતા પહેલા બધા નકારાત્મક અભિપ્રાયો અને ટીકાઓનું એક પછી એક સમાધાન શોધી લેવું જોઈએ અને પછી જે અંતિમ સર્જન થાય તે સર્વોતમ બની જતું હોય છે.

સામાન્ય રીતે શું કરવું છે અને કઈ દિશામાં દોડવું છે, એની જ મોટાભાગના લોકોને સ્પષ્ટતા નથી હોતી. પરિણામે આવા લોકો અડધી પડધી વાતને સફળતાનો આખો લાડવો સમજી સંતોષ માની લેતા હોય છે. કોઈપણ ક્ષેત્રે પહેલા સંપૂર્ણ રીતે વૈચારિક સ્પષ્ટતા હોય તે જરૂરી છે. પછી દુનિયા આખી ભલે એ વિચારનો વિરોધ કરે એની ફીકર કરવાની જરૂર જ નથી. મસ્ક કહે છે કે, સૌથી પહેલાં તો વ્યક્તિએ પોતાની જાત સાથે સંવાદ કરતા શિખવું પડે. પહેલા પોતે સંપૂર્ણ રીતે કોઈ એક વિચાર સાથે સંમત થાય તો જ પોતાની જાતને નવા વિચારને મૂર્તિમંત કરવા તૈયાર કરી શકાય. મસ્કની મંગળ ઉપર માનવ વસાહત બનાવવા માટે રોકેટ લોંચીંગની વાતને શરૂ શરૂમાં વિશ્વના ટેકનોક્રેટ્સે હવાઈ કિલ્લા કહીને ખુબ ખિલ્લી ઉડાવી હતી. આજે વિશ્વ ઈલોનના વિચારને સલામ મારે છે. આ છે વૈચારિક સ્પષ્ટતાની તાકાત. કોઈપણ વિચાર અમલમાં મૂકતા પહેલાં ધ્યેય નક્કી કરી મનમાં પાક્કી ગાંઠ મારવી પડે. ઈલોન મસ્ક કૉલેજ કાળથી સતત વિચારતો કે, એક દિવસ એવું કામ કરીને બતાવીશ કે દુનિયા બદલાઈ જશે. આજે દુનિયા આ બિઝનેસ ટાયફૂનને 'રોકેટ મેન' તરીકે નવાજે છે.

**જેનામાં એકલા ચાલવાની જીગર હોય છે એક દિ' એની પાછળ મોટુ બધું ટોળુ હોય છે**

મસ્કનું જીવન પણ કોઈ ફેરી ટેલથી કમ નથી. એનુ બાળપણમાં અત્યંત કપરી પરિસ્થિતિ વિત્યું. ઈજનેર પિતા અને મોડેલ માતાનું સંતાન ઈલોન મસ્ક ૧૯૭૧ની ૨૮મી જૂને આફ્રિકાના પ્રિટોરીયા શહેરમાં અવતર્યું ત્યારે કોને ખબર હતી કે, આ બાળક ભવિષ્યમાં રોકેટ મેનના રૂપમાં આધુનિક દુનિયાની નવી ઉમ્મીદ બનીને ઉભરી આવવાનું છે. બાળપણથી જ ઈલોનને વાંચવાનો જબરો શોખ. ઈલોન દસ વર્ષનો થયો ત્યાં સુધીમાં તો એવા પુસ્તકો વાંચી જતો જેને વાંચતા ગ્રેજ્યુએટ અને ડબલ ગ્રેજ્યુએટ થયેલા યુવાનોને ફાંફા પડતા. વૈચારિક મતભેદના કારણે ઈલોનના માતા-પિતાનું લગ્નજીવન તૂટી ગયું. માતા કેનેડા જતી રહી. ઈલોનના જિવનમાં આવેલો આ પહેલો ઝટકો હતો.

હાઈસ્કૂલ શિક્ષણ બાદ આગળ અભ્યાસ માટે ઈલોન માતા પાસે કેનેડા જતો રહ્યો. પેન્સિલવેનિયા યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા પછી ઈલોને ફિઝિક્સમાં પીએચડી થવા અમેરિકાની પ્રખ્યાત સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો. પણ આ જિનિયસ બ્રેઈનને ખબર પડી ગઈ કે, આગામી યુગ ઈન્ટરનેટનો છે. માત્ર બે જ દિવસમાં પીએચડીના અભ્યાસને ટાટા બાય બાય કરી એણે ભાઈ સાથે મળી ઓનલાઈન સોફ્ટવેર કંપની શરૂ કરી. કંપની સ્ટેબલ કરીને એણે આ કંપની વેચી મારી. એમાથી મળેલા ભાગમાંથી એણે એક વેબસાઈટ બનાવી અને એને એક મલ્ટી મિલિયોનીયર કંપનીને વેચી. એમાંથી એ ૧૬૫ મિલિયન ડોલર કમાયો. પણ મસ્કનો ઈરાદો જુદો જ હતો. એના તો દુનિયા બદલી નાખવાના મનસુબા હતા. મસ્કને તો મંગળના ગ્રહ ઉપર ધરતીવાસીઓ માટે ઘરનું ઘર બનાવવુ હતું. સસ્ટેનેબલ એનર્જીનો ઉપયોગ કરીને ગ્લોબલ વોમલ્ગ સાથે બાથ ભીડવી હતી. ટ્રાફિક મેનેજમેન્ટ માટે હાઈપર લીંકથી વિશ્વને ટ્રાફિક સમસ્યાથી મુક્ત કરવુ હતું. માનવજાતના કલ્યાણ માટેના આવા મેગા પ્રોજેક્ટ ઉપર કામ કરવાની દિશામાં ઈલોનનુ મગજ સતત દોડતુ હતુ.

મસ્કનું દિમાગ જરા હટકે કેવી રીતે રીતે વિચારે છે એનું એક સેમ્પલ એ છે કે, આપણે જાણીએ છીએ કે, સામાન્ય રીતે સેટેલાઈટ અવકાશમાં તરતા મૂકતા રોકેટ ફરી પાછા ઉપયોગમાં નથી લઈ શકાતા. જ્યારે મસ્કના જીનીયસ માઈન્ડે 'રીયુઝેબલ રોકેટ' બનાવવાનુ નક્કર કામ કર્યું છે. ફરી ઉપયોગમાં લઈ શકાય એવા મસ્કના રોકેટ આજે વિશ્વની વાસ્તવિકતા છે.

કંઈક અલગ કરવા માટે આવા વ્યક્તિઓના હૃદયમાં સદાય એક બાળક ધબકતું હોય છે. આવા લોકો બાળકની જેમ સતત પ્રશ્નો પૂછતા રહેતા હોય છે. એક સામાન્ય વ્યક્તિની અસામાન્ય બનવાની સફર ત્યારે જ શરૂ થઈ કહેવાય કે, જ્યારે એ શોર્ટકટ અને આસાન રસ્તાઓ છોડી પરિશ્રમવાળા મુશ્કેલ માર્ગે ચાલવાનું પસંદ કરે. દરેક માણસ એમ જ વિચારે છે કે, હું ક્યારેય દુ:ખી ન થાઉં પણ શું એ શક્ય છે ? મુસિબતો અને પ્રશ્નો પ્રતિપળ માર્ગમાં મોઢું ફાડીને તમને ગળચવા ઊભા જ હોય છે. આની સામે બાથ ભીડવાની હોય છે. ઈલોન મસ્ક બનવા 'સમથીંગ ડીફરન્ટ' કરવુ પડે. પરિશ્રમના પ્રસવેદમાં નહાવુ પડે. તકલિફોમાં માર્ગ કાઢવા હમેશા તૈયાર રહેવુ પડે.

જે વ્યક્તિ સ્વયં મેદાનમાં કુદી પડે એ જીતવા માટે પૂરી તાકાતથી મુકાબલો કરે છે. કોઈના ભરોસે વિશ્વાસ રાખીને બેસી ન રહેવાય. શસ્ત્રો લઈને મુઠ્ઠીઓ વાળીને રણમેદાનમાં ઉતરી જવું પડે. યુદ્ધનાં તમામ દાવપેચ આવડવા જોઈએ. મસ્ક જેવા સફળ બિઝનેસ ટાયફૂનની જેમ ટેલીફોન ઓપરેટરની માફક ફોન રીસીવ કરવાથી માંડીને સ્ટાફ કિચનમાં ચા બનાવવા જેવી નાની નાની બાબતથી માંડીને ભીમકાય મશીન ચલાવવાની તમામ કામગીરી આવડવી જોઈએ. 'ક્યોં આસમા મેં સુરાખ (કાણું) નહી હો સકતા, એક પથ્થર તો તબિયત સે ઉછાલો યારો...' દુષ્યંત કુમારજીની આ પંક્તિ દમદાર કરતા સમજદાર લોકો માટે વધુ બંધ બેસતી છે.

**ધબકાર :**

પ્રત્યેક અક્ષરમાં મંત્ર હોય છે, દરેક વનસ્પતિમાં ઔષધિના ગુણ હોય છે, બધી વ્યક્તિ કામની હોય છે માત્ર એનો યોગ્ય કાર્યમાં ઉપયોગ કરનાર માણસ મળવાની જ વાર હોય છે.